श्री गणेशाय नमः

રાજલીલા

નાટકનાં ગાયનો.

રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર,

વિઠ્ઠલદાસ હેમજીભાઈ ભાવનગરવાળા એન્ડ કો.
શ્રી વિજય મોતરા નાટક સમાજના માલીક
મુ. કરાચી.

વિઠ્ઠલ પ્રેસમાં હરિલાલ વાલજી ઠાકરે છાપ્યું,—કરાચી.

આવૃતિ પહેલી — પ્રત ૩૦૦૦

સંવત ૧૯૭૪ — સને ૧૯૧૮

કીંમત ૦—૨—૦

પાત્રોની ઓળખાણ.

પુરૂષ પાત્રો.

રાજસીંહ......રાયપુરનો રાજા.

વિજયસીંહ....રાજસીંહનો ભાઇ.

ભાનુસીંહ......ભીમપુરનો જાગીરદાર.

કનકસીંહ......ભીમરાજનો કુમાર.

વિનોદસીંહ....રાજસીંહનો કુમાર.

ભીમરાજ.......ભીમપુરનો રાજા

દયાશંકર........રાજસીંહનો મંત્રી (એડમીનીસ્ટ્રેટર)

મુસાહેબ........રાજસીંહનો પ્રાઇવેટ સેકરેટરી

હીરાલાલ.......ભીમરાજનો કામદાર.

દવે..............રાજસીંહનો ખુશામતીઓ હજુરી

કાનો............એક ખવાસ

એ ઉપરાંત ફોજદાર, પોલીસના સીપાઇઓ તથા અન્ય નોકર વર્ગ.

સ્ત્રી પાત્રો.

પ્રભાવતિ—...રાજસીંહની રાણી

લીલા.........એક ગ્રહસ્થની છોકરી રાજસીંહની રખાત.

અનુપકુમારી...ભીમરાજની કન્યા વિજયસિંહની પતિ.

કાન્તા... ......ભાનુસીંહની કન્યા કનકસીંહની પત્ની

શાન્તા.........કાન્તાની સખી

ગોમી.........એક નિર્દોષ ખવાસણ કાનાની સ્ત્રી

કમળા.........એક વણિક કન્યા

નારંગી.........રાજ માલણ

નિર્મળા.......ભીમરાજની રાણી.

એ ઉપરાંત દાસ દાસીઓ તથા નોકર વર્ગ



શ્રી ગણેશાય નમઃ

"રાજ—લીલા"

નાટકની ઉપરેખા.

અંક ૧લો.

મંગળાચરણ.

સુત્રધાર અને નટીનું નાટ્ય વસ્તુ વિવેચન

પ્રવેશ—૧લો રાજમાર્ગ—ઉંચી કેળવણીના ગુમાનથી, ઇંગ્લીશ ફેશનના મોહમાંજ મદમસ્ત બનેલી મીસ લીલા યૌવને બહારના આનંદમાં સ્વસ્વરૂપનું વર્ણન કરતી વિચરે છે. દરમ્યાન તેણીની કોલેજીઅન સખી કાન્તા પોતાના પ્રણયેશની ચિત્રિત પ્રતિમાનું ચિંતવન કરતી આવે છે. ઉદ્ધત સ્વતંત્રતા રૂપી હવાઇ વિમાનોમાં વિહરતી લીલાને કાન્તા, કેળવણીનો સદુપયોગ કરવા સમજાવે છે. લીલા તેણીનાં નીતિ તત્વોને પોતાના "છટ નોન્સસ રૂપી" શબ્દના પ્રહારથી નિર્મુળ કરી પોતાની એડીકેટનોજ કક્કો ખરો કરી બતાવી છે.

પ્રવેશ—૨જો રાજકુમાર કોલેજ—કોલેજના અધ્યાપક પોતાના કોલેજીઅનો સાથે રાજસીંહને કોલેજ છોડતી વખતે લીધેલી કેળવણીનો સદુપયોગ કરવા પોતાના અગાઉના શિષ્ય ભાનુસીંહના

ઉદાહરણ સાથે ઉપદેશ આપે છે. અને અંતમાં બધા કાલેજીઅનો કરૂણાધાર કિરતાર પાસે કલ્યાણ પ્રાર્થના કરે છે.

પ્રવેશ—૩જો મીસ લીલાનું નિવાસ સ્થાન પોતાના મનમાનીતા મુસાહેબ મારફતે સ્ત્રી ચારિત્રથી ચાલાકી ચલાવી રાજસીંહના હૃદયમાં સ્થાન મેળવવા સંબંધી મીસ લીલા વિચાર કરે છે. દરમ્યાન રાજસીંહ આવે છે. બંન્ને વચ્ચે પ્રેમ બંધન થાય છે. તેટલામાં વિજ્યસીંહ ત્યાં થઇને પસાર થતાં પોતાના ભાઇને પરત્રિયાના પ્યારમાં પડતો અટકાવવા શીખામણના શબ્દોથી સમજાવે છે.

પ્રવેશ—૪થો ભીમરાજનું દિવાનખાનું અફીણી ઠાકોર ભીમરાજનું બંધાણીઓ સાથે કસુંબાપાન તેના કામદાર મી. હીરાલાલનું આગમન કામદારના કાવત્રામાં ભીમરાજના સાચા કુમારને કાળા કોળીનો છોકરો ઠરાવી તથા કાળા કોળીના છોકરાને કુમાર ઠરાવી જનાનખાનામાં મોકલવો તથા કુમારને કાળા કોળીને સ્વાધીન કરવો. કામદારના કપટ તંત્રથી કનકસીંહ કુમારનો કામદાર પર ક્રોધ અને ભીમરાજને વિનંતિ રૂપે બોધ.

પ્રવેશ—૫મો ભાનુસીંહનો બગીચો ભાનુસીંહની પુત્રી કાન્તાનો સખી શાન્તા સાથે વાણિ વિનોદ બગીચાના રક્ષક કાળા કોળીનું કુમાર કનકસીંહ સાથે આગમન કાળો કોળી કનકસીંહને સત્ય ઘટનાથી જાણીતો કરી બગીચાના કામે જાય છે અને કનકસીંહ પોતાની પ્યારી કાન્તાને એક પત્ર લખી વિદેશમાં ભાગ્ય લઇ જાય ત્યાં જવાને તઇયાર થાય છે. પત્ર લખતાંજ કાન્તા આવી જાય છે. છુપાય છે પત્ર વાંચી જાય છે. પ્રેમી દંપતીનું પ્રણય મિલન

થાય છે. કાન્તા કંથને ધીરજ આપી પોતાના પિતાને વિલાયતથી તાર કરી તેડાવવાનું કહે છે. બાદ પ્રેમી જોડું પ્રેમાનંદ મગ્ન બને છે.

પ્રવેશ—૬ ઠો હોટેલ અને બિલિયર્ડ રૂમ ગૃહસ્થો તથા છોકરાનું આગમન. બાદ દારૂની દુકાનો અને હોટેલો વગેરેનું દિગ્દર્શન કરવા નિકળેલા રાજસીંહનું આવવું. બ્રાન્ડીના બહારમાં બે ફામ બની બિલિયર્ડમાં ઝંપલાવવું. રમતાં રમતાં રાજસીંહ રોકડ સીલીક હારી જાય છે. અને ટેબલ કલોથ વગેરે બાળી મુકવાથી જતાં હોટેલની લેડી તેને પોલીસને સ્વાધિન કરે છે.

પ્રવેશ—૭ મો રાજમાર્ગ પોલીસ હાથમાં પકડાયલા રાજસીંહને રોડ ઉપરથી ભાનુસીંહ છોડાવે છે. તેની મુર્ખતા જોઇ કેટલોક કીમતી બોધ આપે છે. દારૂના પીઠાંમાં રખડવા કરતાં લંડનનાં જોવા લાયક સ્થળો જોવાનું ભાન કરાવે છે. અને વિલાયતમાં વધારે ન રોકાતાં સત્વર સ્વદેશમાં સીધાવવા સમજાવે છે.

પ્રવેશ—૮ મો ભીમરાજાનો રાણીવાસ કુમારને જુદો કરવાથી રાણી અત્યંત અફસોસ કરે છે. અનુપ કુમારી માતાને આશ્વાસન આપે છે. દરમ્યાન એજંટ ટુ ધી ગવર્નર સાહેબ ભીમરાજ સાથે કુમારને લઇને આવે છે. રાણીની આર્ત વાણી સાંભળી તેની સાન્ત્વના કરવા સાથે તેણીને તેનો વ્હાલો કુમાર સોંપે છે.

પ્રવેશ—૯ મો રાજસીંહનો મહેલ વિલાયતથી રાજધાનીમાં આવેલો રાજા રાજસીંહ નાટક મંડળી ખોલી બેઠો છે. નાટકના એકટર વર્ગ સાથે નાટકીય નાચ નખરાં અને ગાન તાનમાં મસ્ત બની

રંગ રાગ જમાવી રહ્યો છે. દરમ્યાન દિવાન દયાશંકર આવી પહોંચતાં રંગમાં ભંગ થાય છે. રાજસીંહનાં આવાં અધમ લક્ષણ જોઇ દીવાનજી અજાયબી સાથે અત્યંત દીલગીર થાય છે.

ટેબલો

અંક બીજો

પ્રવેશ—૧ લો પ્રભાવતિનો મહેલ રાણી પ્રભાવતીને ત્યાં લીલાની સમજાવટથી રાજસીંહનું આગમન. રાણીનાજ હાથેથી દારૂ પીવાની રાજસીંહની હઠ. રાણીનો ઇનકાર. અને નમ્ર વિનંતિ.

પ્રવેશ—૨ જો લીલાનો મહેલ ગોમી ખવાસણને પોતાના ભાઇ સાથે પુર્નલગ્ન કરવા લીલાની સમજુતિ. ગોમીનો ઇનકાર તિરસ્કાર. લીલાના ભાઇ યશવંતરાવનું રૂક્કા સાથે આગમન. રૂક્કામાં કરેલી હાંસીથી ખુશામતિયાઓ લીલા સાથે મળીને રાજસીંહને ઉસ્કેરે છે. અને યશવંતની સાથે ગોમીને બળાત્કારે પણ પરણાવી દેવાને રાજસીંહ નક્કી કરે છે. દેવો કાના ખવાસને બોલાવે છે. રાજસીંહ કાનાને તેની સ્ત્રી ગોમીને પોતાના શાળા સાથે પરણાવવા સમજાવે છે. પણ કાનો માનતો નથી. રાજસીંહ તેને મારે છે સખત મારથી કાનો મરણ શરણ થાય છે દીવાન આવી જાય છે. કાનાના મરણ સંબંધી રાજસીંહને ખુલાસો પુછતાં રાજસીંહ ગુસ્સે થઇને દીવાન પર ગોળી બહાર ચલાવે છે.

પ્રવેશ—ત્રીજો હીરાલાલ કામદારનું મકાન કામદાર પોતાના તાબાના નોકરો સાથે પોતાનાજ રાજા ભીમરાજના ખુન સંબંધી ખટપટ ચલાવે છે. અને ભાણા નોકર દ્વારા ચીઠી મોકલી સુરચંદ શેઠને ત્યાંથી ક્લોરો ફોર્મ મંગાવી તેનાથી ભીમરાજનો અંત આણવાનું કાવત્રું રચે છે.

પ્રવેશ—૪ થો. લીલાનું મકાન ગોગી ખવાસણ પર થતા જુલ્મનો અવાજ સાંભળીને રોડ ઉપરથી પસાર થતાં વિજયસીંહ પોતાની સાથેના ફોજદારને લીલા વગેરે જુલ્મીઓને પરહેજ કરવા હુકમ કરે છે. ફોજદાર સત્તાવાળાથી ડરે છે. વિજયસીંહ તેને પોલીસ ડ્યુટિનું ભાન કરાવે છે. બાદ ફોજદાર લીલા વગેરેને પકડી લાવે છે. લીલાની નફટતાથી ગુસ્સે થઈને વિજયસીંહ તેણીને ફટકા મારે છે. રાજસીંહ આવી લાગે છે. લીલા વિજયસીંહ ઉપર વ્યભિચારનો આરોપ મુકે છે. રાજસીંહ ક્રોધીત થઈ વિજયસીંહને હદ પાર કરે છે. જતાં જતાં વિજયસીંહ મોટા ભાઇને વર્તણુંક સુધારવા માટે શીખામણ આપતો જાય છે.

પ્રવેશ—૫ મો જંગલ એજંટ ટુ ધી ગવર્નર સાહેબ સીંહનો શીકાર કરવા નિકળ્યા છે. સાહેબનો ગોળી બહાર ખાલી જતાં અચાનક આવી લાગી વિજયસીંહ સીંહને સંહારે છે ને સાહેબને બચાવે છે, વિજયસીંહ અને સાહેબ વચ્ચે આજથી ફ્રેંડશીપ બંધાય છે. અને ભીમરાજનો કેશ ફરીથી ચલાવાની વાતચીત થાય છે.

પ્રવેશ—૬ ઠો બગીચાનો રસ્તો કાન્તા અને કનકસીંહ બન્ને પરણેલાં દંપતિનો પ્રણય આનંદ તથા પોતાને ગાદી મળશે અને

સાહેબ આવતિ કાલે ફરીથી કેશ ચલાવશે તે સંબંધી મનાસીંહની વાતચીત. બાદ પ્રેમી દંપતિનો અવર્ણીય આનંદ.

પ્રવેશ ૭ મો. કોરટ કેશની બરાબર ચોકસાઇ રાખવા એજંટ ટુ ધી ગવર્નર સાહેબ પોતાના ચીટનીસને સુચના કરે છે. દરમ્યાન ભાનુસીંહ આવી લાગે છે. અને સાહેબના બોલાવાથી વિજયસીંહ. કનકસીંહ તથા કાન્તા પણ આવે છે. કેસ ચાલે છે ભાણુની તથા સુરચંદ શેઠની જુબાની તથા ચીઠીની સાબીતિથી હીરાલાલ પર ભીમરાજના ખુનનો ગુન્હો સાબીત થતાં તેને ફાંસીની સજા થાય છે. અને ભીમરાજની ગાદીએ તેના કુમાર કનકસીંહને નિયુકત કરવા સાથે ઇશ્વર સ્તુતિ અને કંચનીઓના નાચ સમે દરબાર બરખાસ્ત થાય છે.

અંક ત્રીજો.

પ્રવેશ—૧લો. વિજયસીંહનો મહેલ અનુપકુમારીનો પોતાની સખીઓ સાથે રાસડો. વિજયસીંહનું આવવું. ટપાલના કાગળોમાં પ્રભાવતિનો પત્ર પ્રાપ્ત થતાં તે વાંચીને વિજયસીંહનું તેણીની મદદે જવા તૈયાર થવું. અનુપકુમારી તેને જમીને જવા સમજાવે છે બાદ પ્રેમી દંપતિ પ્રેમાનંદ સાથે ભોજનગૃહમાં જાય છે.

પ્રવેશ—૨જો. લીલા રાણીનો રંગમહેલ પોતાના પુત્રને ગાદી વારસ બનાવવા માટે લીલાનું સુજાહેબ સાથે પોતાની શોકય પ્રભાવતીના કુમાર વિનોદસીંહને મારી નાખવાનું કાવત્રું. રાજસીંહ આવી લાગતાં તેને પણ સમજાવી વિનોદને ઠાર કરવા ઉશ્કેરે છે ભોળો

રાજસીંહ વિનોદસીંહને મારી નાખી લીલાના કુમારને ગાદી આપવા કબુલ થાય છે.

પ્રવેશ—૩જો જંગલ. માર્ગ વિજયસીંહ સાધુ વેશે પ્રભાવતીને સહાય આપવા જાય છે. ત્યાં માર્ગમાં સાધુ રૂપે ફરતા મંત્રી દયાશંકર સાથે અજાયબી ભરી રીતે મુલાકાત થાય છે. દયાશંકર પોતે કેવી રીતે બચી શકયા તેનું વર્ણન કરે છે. મંત્રીજીને જીવતા જોઇ વિજયસીંહ અત્યંત ખુશી થાય છે. બન્ને જણા સાથે મળીને પ્રભાવતીની મદદે જવા તૈયાર થાય છે. દરમ્યાન રાજ માલણ નારંગી ત્યાં થઇને નીકળે છે. નારંગી તરીકે વેશે વિજયસીંહને પ્રભાવતીના મહેલમાં લઇ જાય છે.

પ્રવેશ—૪થો મહેલ વિનોદ મહેલ લીલા સાથે રાજાના આગમનની વરદી દેવા ખાસ બાપે છે અને બીજી તરફથી નારંગી વિજયસીંહને લઇને હાજર થાય છે. વિનોદસીંહની જગાએ પુતળું મુકી વિનોદને બીછીપલંગના કંડિયમાં છુપાવી લઇ વિજયસીંહ રવાના થાય છે. બાદ લીલા સાથે રાજસીંહ આવેછે લીલા રાજસીંહને દારૂમાં લઇ ભાગવા રવાના થઇ જાય છે. લીલાની સુચના મુજબ વિનોદસીંહને કુવામાં નાખવા રાજસીંહ કઇ નિશ્ચય કરે છે. અને વિનોદના પુતળાને વિનોદ ધારી કુવામાં ફેંકી દે છે.

પ્રવેશ—૫મો બંગલામાં રૂબરૂ એજન્ટ ટુકી ગવર્નર સાહેબને મુસાહેબ વિનોદના મરણના સમાચાર આપે છે વિજયસીંહ તે સમાચાર અસત્ય હોવાનું જણાવે છે અને દિવાન દયાશંકર સાથે વિનોદસીંહને રજુ કરે છે. સાહેબ બન્નેને જીવતા જોઈ અજાયબી સાથે ખુશી થાય છે. વિજયસીંહ મુસાહેબનાં કાવત્રાં ખુલ્લાં કરેછે. સાહેબ

ગુસ્સે થઇને કાવત્રાં ખોરને પરહેજ કરવા વિજયસીંહ તથા દયા-શંકર મંત્રી સાથે રાજપુર તરફ રવાના થાય છે,

પ્રવેશ—૬ ઠો રાજમાર્ગ રોડ પર થઇને સાહેબ પસાર થતાં કમળીનું કલ્પાંત સાંભળી, શું થાય છે તે જોવા છુપાય છે. બીચારી ગરીબ બાળા ફોજદાર તથા મુસાહેબને પોતાની બેન પર ગુજરતા જુલ્મની ફરીઆદ કરે છે. બન્ને જણા તેણીને તરછોડીને ચાલ્યા જાય છે. સાહેબ ગુસ્સે થઇને દેવા ખવાસના મકાનની અંદરનાં માણસોને પકડી લાવવા હુકમ કરે છે સીપાઇઓ લીલા વગેરેને પકડી લાવે છે. વિજયસીંહ લીલાને ધિક્કાર આપે છે. ગોમી પોતાના પર થતા જુલ્મની ફરીઆદ કરે છે અને નારી વેશમાં લપાઇ રહેલા દેવાનો સાળુ ખેંચી નાખી વિનોદસીંહ તેને ખુલો કરે છે. સાહેબ ગુન્હેગારોને પરહેજ કરી દરબારમાં લઇ જાય છે.

પ્રવેશ—૭ મો દરબાર પાપીઓનો ન્યાય થાય છે. ન્યાયને અંતે મુસાહેબ તથા દેવાને ફાંસીની અને લીલાને જીંદગી ભર કેદની સજા થાય છે. લીલાનો અફસોસ. રાજસીંહને પદભ્રષ્ટ કરી તેના કુમાર વિનોદસીંહને ગાદીએ બેસારવામાં આવે છે. રાજસીંહને પોતાના ભુત કૃત્યોનું ભાન થતાં તે સર્વની ક્ષમા યાચે છે. બાળ કુમારના વાલી તરીકે વિજયસીંહને નીમી કુમારને તખ્ત નસીન કરે છે. ત્યાર બાદ આપણા રાજ કર્તા નેક નામદાર જ્યોર્જ મહારાજની કલ્યાણ પ્રાર્થના થવા સાથે અમારો આ નાટક સમાપ્ત થાય છે,

ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

॥ ॐ नम सिवाय ॥



શ્રી રાજલીલા

નાટકનાં ગાયનો

સુત્રધાર તથા નટી— ૧

જય જય જયકર જય જગ ત્રાતા
શીવ સુત શારદ શુભ વરદાતા
ભારતમાં પાર્થ સમ ભ્રાતા
આપી કરો શ્રીહરિ સુખ શાતા..........જય જય૦

લીલા— ૨

ફેશનેબલ લેડી જેન્ટલ મેન આહા વેલ પોઝીશન
પ્રેટી, પ્રેટી, પ્રેટી, મારૂં યૌવનની
બહાર બની રંગ ભરી રંગ વાહવાહ

કાન્તા— ૩

નમી નમી નયણા (૨)થી હું નીરખું છું નાથ મારારે
સ્વપ્ને જોઇ બલિહારી
રહું રંગતી નાથ તણી મ.ળા............નમીનમી૦
હું હરખેથી પ્રેમ નેન પાળું
વાલા વિનવુંને વેગે વધાવું
રંગ રીતિ, પાળું પ્રીતિ
હૈયે હુલ વું હેત ધરી લાલા...........નમીનમી૦

કાન્તા— ૪

સમજ સારી સ્વીકારી લે હિત ચિતધારી
વિચારી. વિચારી, લે ચાલ તું સુધારી....સમજ૦

લીલા—જો તું હોંસીઆરી સારી ભુપને ભમાવું ભારી
મારી હિશઆરી ન્યારી
ન્યારી ન્યારી યુક્તિ મારી માણું સરદારી સારી....સમજ૦
હું છું સુખિઆરી સારી ચિતને ચળાવું ભારી
માણું મોજ સરદારી
ભારી ભારી શક્તિ મારી થાઉં સુખકારી સારી....સમજ૦

સર્વ— ૫

વિભુવર જગધર જીવન જગતન.
વિભુવર પ્રભુ દુઃખ હર સુખકર...........જીવન૦
સલુણા સુખના સુંદર શિખરે શોભાવે
ગિરીવર ગુણુના
વિશ્વારામ સુધાધામ મુદભર મનહર..........જીવન૦
દિનના દયાળુ કરૂણા કરી ભારી
દિન બંધુ તેં દિલધારીને મનવાંચ્છિત આપીયું,
હે દેવધિ દેવા હું સેવા કરૂં છું
કર દુર્બલ સુસબલ જગપતિ શ્રી મોરારી
તનથી મનથી ધનથી નમું તુજ પદ નરવર....જીવન૦

લીલા— ૬

બાંસુરી બજાઇ તટ જમના કનાઇ
ધુન ત્રિલોક સુનાઇ દિલ બીચ છાઇ છાઇ...બાંસુરી૦
સંત સુજન સોં લીન લીન રસ
મોહની લગાઇ મન બીરહાનલ જગાઇ
ગોરી બીસર ધાઇ બૌરી વૃજ લુગાઇ.......બાંસુરી૦

હાંહાં સુઘતાન લગાઇ, મધુર મધુરની કોમલ બોલાઇ
સંપુરન ચડ સુક્ષમ રાગિની
ગુનીજન મીલકર ગાઇ બજાઇ.......બાસુરી૦

લીલા— ૭

વ્હાલા તુમ પર બલિહારી
મનહારી છું નારી છાતલડી છે રઢિયાળી....વ્હાલા૦
પિયુજી પ્યારા મન હર મારા
દીલથી જરીએ ગણું ના ન્યારા, વા—લા—મા—રા
રાજ૦—મધુરી મુખથી વ્હાલ ભર્યાં વેણુ વદી
ચિતડું ચોર્યું છે તેં નારી.......વ્હાલા

વિજય૦— ૮

વિચાર વારવાર તું—ખોટું નહિ ભાખતું જરી
રાજ કાજનું તું ભાન તો ભુલ્યો છું
સત્ય વચન તું બંધુ જરા બોલ (૨)
વધશે વીરા તોલ
સત્ય હું કહું ભાઇ આણી સત્ય હું કહું.......વિચાર૦
રઘુપતિ જેવા આહા ધર્મના ધુરંધર

પિતુના વચને રાજ સુખરે ત્યાગ્યું દુખ અતિશે દાખ્યું
સિતાએ દુઃખ સાંખ્યું પણ સત્ય ન ત્યાગ્યું....વિચાર૦
સત્યથી આખર સહુનો સૃષ્ટિમાં જય થાય
સત્ય આ વાક્યો જાણીલે તું માની લે.......વિચાર૦

કનક— ૯

મુરબ્બી મારી વિનંતિ ઉરે ધારે
અધમ દિવાને અતિ ઉંધું સમજાવ્યું
બાળ પર બાપુ શીદ રોષિત બનો છો ?....મુરબ્બી૦
બાપુજી તમે છો મતિ ભ્રમ ભુલ થાય છે ભારી
જાણ્યું નહોતું આવું પરિણામ બુરૂં આવશે
પિતાજી કરૂં છું પ્રણામ
બાપુજી બહુ થઇ છે વહુ વિનંતિ.......મુરબ્બી૦

કાન્તા— ૧૦

પ્રાણ પ્યારા પતિ વિરહ આગને બુઝાવો
ઝટ આવો હૈયો ઠહાવો શીદ શરમ મુકાવો
અંગ અનંગ અતિ અકળાવે

ચંચળ ચિતડાને ભમાવે...............પ્રાણ૦
વિરહીનીગત વિરહી જાણે
અવિરહી ઉર શું પરમાણે
શ્યામ સુંદર સ્મર રાજ હુગાવો
હુરાવો મનાવો ઉર આનંદ ઉભરાવો આ....પ્રાણ૦

કાન્તા— ૧૧

પ્રિતમ પ્યારા છો મારા હૈયા કેરા હાર
ધારૂં આપ અર્પું શીર સ્વામી વારંવાર
કનક—રંક પ્યારી કરણી વનિતા મનહરણી
પ્રેમ પ્યારી સંગે કરીશું સુખ મળનાર....પ્રિતમ૦
પાળી દ્રઢ પ્રેમ નેમ પ્રિયતમા નિભાવજો
કાન્તા—નિભાવનાર પ્રેમનો શ્રીકંત કિરતાર છે
કનક—વાહ પ્યારી ટેકતારી શાણી છો સુજાણ
કાન્તા—આશા પ્યારા મનુ મારા જીવન આધાર....પ્રિતમ૦

નિર્મળા— ૧૨

નાશ થયું સહુ સુખરે અવિનાશી તું નાખી દુખને દરીએ

પ્રાણુ થકી તન પ્યારો મારો, જીવનની આશા દગતારો
નયનોથી કીધો છે ન્યારો જન્મ થયો છે અકારો
સખી સમયને માન દઈ સંચરીએ

સાખી.

માતનું શોકથી શું વળનાર ધરને ધીરજ
દેવ દયાળુની દયા સફળ યોગ કરનાર.......નાશ થયું૦

દયાશંકર— ૧૩

આવા કર્મહીણુ કે [illegible] બુદ્ધિ હીણુ કોઈ નાય થાયે
નોતમ નમ્બરદાર [illegible] તારી સાથ ખુશ થાયે....આવા૦
વાજા ઉપર વ્હાલ [illegible] જોર જણાવે છે,
મૃદુંગના [illegible] ઠુક બતાવે છે
આવજાવનો [illegible] [illegible]માં ઓળખાવે....આવા૦
ફાલાવાલા ફ્રી [illegible] ફરી આવે
વ્યાજ વટાવે લાખો [illegible] અરથ લાભ લાવે
તેનાથી [illegible] [illegible]સી વીસરાગે............આવા૦

ગરબો ૧૪

હે ચિત્ત મારૂં એ ચોરી ગયો ચત્રભુજરે
પરાણે પ્રેમ પંથી લગાડી ગયો પ્રીતરે
નમી, નમી, નમી, નમીને નાથ ના રહ્યારે લોલ
સાન થકી સમજાવી કરી ગયો કોલરે...........પરાણે૦
મોહને મુખ થકી માગિયુંરે મીઠી મને અધરામૃત આપને
બુઝાવ બાથમાં ઘાલીરે લાગેલ તને ઝંખનારી તાપને
ભાગ્ય હીણીએ મેં ભરીન પ્રસારિ ભુજરે........પરાણે૦
યાદ કરતાં તે અરરર પ્રીતિના સરરર
છુટે ફુવારા છરરર
ગયા મેલી, થઇ ઘેલી, સાહેલી, જા વ્હેલી........ચિત્ત૦

અંક ૨જો.

અભાવતી— ૧૫

અરે ભલા ભુપ તું શાને ભમે છે
પ્રિયા તજી પરની પ્રેમદા ગમે છે...........ભલા ભુપ૦
પરદારા પાસે જતાં પાયમાલી થાશે

પછી પુરૂષો પરસ્તાશે નીચ નારીથી રમે છે.......ભલા૦
ચેતી ચિતે ચાલે ત્યારે ભારે ભુલ ભાળે
પછી પતિ વૃત પાળે તેથી સંતાપ સમે છે....ભલા૦

પ્રભાવતિ— ૧૬

ત્યાગો વ્હાલા કાં મુને
જળમાં મીન સમી કીધી છે પ્રીતિ
પ્યારા તજો ના મુને.......................ત્યાગો૦
દુઃખ ઉરરે, ભરપુર છે, સુખ દુર છે, તનડામાં મુને....ત્યાગો૦
આવી મતિ સુઝી કહો તજતાં ન આવે જરા શરમ
રાજસીંહ–ખસ ખસ મેં જોઇ રીતી પ્રીતિ
પ્રભા–વાહ ! હાનાઇ દીપાવી ધન્ય પ્યારને ! ! !....ત્યાગો૦

લીલા— ૧૭

એજી પ્યારે પીયો પીયરવા
તુમ સાંવરીયા, હરૂં હીયરવા, પિયા સુંદરવા....એજી૦
સેજવામેં સંવારૂં—હાં હાં.... ....એજી પ્યારે૦
ફુલ માળા, ગુલ લાલા, ગલનમેં ધરાવું

રસાબસ કરૂ અરૂ રતિ રસ પીલાવુ
રસીલે ભીંઝાવું—
રંગીલેજી રસીલેજી છબરવા
વારૂ તુમપે હાં હાં હાં હાં..............એજી પ્યારે૦

દયાશંકર— ૧૮

ક્રુર કુકર્મથી તું તો અનાચાર શું કરે
ધીકરે છે પ્યારે હીત ના કરે, ના ફરે, ના ડરે.......ક્રુર૦
પ્રભુ થકી નથી ડરે આવાનુ, સત્ય વાત જાણુ જાણુ
વીસર અનીતી રીત, અરે સુનીતી રીત,
સત્ય વાત તું ઉચ્ચાર, કરી કર્મ કીધાં...............ક્રુર૦

વિજય— ૧૯

કળ બળને તું છોડી દે,
છે હાનુ, મદન [illegible]......................કળબળ૦
થઇશ હેરાન, તું અજ્ઞાન, હું સેતાન....... કળબળ૦
મન મેલું જુઠ મતી છે તારી
નીચ નારી છોડી દે ને તું જુઠી વાણી

પાપી તું નારી મેં મન ધારી
જરી સુજાણ, તજી દે હાણ, ન થા નાદાન....કળબળ

વિજય— ૨૦

સુધારભાઇ તુજ ચાલ— (૩)
કુટીલ કર્મે ફસાગો કાંઇ ભાઇ..........તુજ ચાલ૦
મદન જંગે તું રમે રંગે,
નીચ પ્રસંગે, અનંગ ઉમંગે
કાંઇ ન ધરે નીતી રીતી તું અંગે
પાપીની પ્રીતી [illegible] ! જરા સોચ (૩)....તુજ ચાલ૦

કાન્તા— ૨૧

ખાય [illegible] રંગે ભર્યું
રંગે ભર્યું, [illegible]..................ખાય૦
રંગ ભરી રાતડી [illegible] વ્હાલથી
મારા વ્હાલાની સાથ [illegible] માહથી.......ખાય૦
મદ ભરી માલતી માનીતી માનથી
મારા મોહનજી મલકાય માન પાનથી.......ખાય૦

કાન્તા—   ૨૨

ચાળા મુકોને મરમાળા,
કનક-રસીકડી રામા, શાણી પ્રિય શામા—ચા—ચાળા૦
કનક-રજની રમાડો રંગ અંગના ઉમંગમાં,
કાન્તા-ઉમંગે ને રંગે પધારો— રસીકડી
કનક-રસીક રમણી આજ આવ્યા છો હાથમાં,
કાન્તા-પ્રેમથીરે પહેરો આ માળા— રસીકડી

સર્વ—

ધન્ય અતી સુદીન આજે સાનંદ સાજે
મંગળ નાદે, બહુ વાજે, વાજીંત્ર અતિ
સુખકર સત્કાર, કચેરીની અતિ બહાર (૨) ધન્ય અતિ
તાતાથૈ તાતથૈ દીગ. દીગથૈ દીગ દીગથૈ
છક છક છુમ, છક છક છુમ, કંચુકી કરતી
સુરના સરિખી, ઉજલી, સુજલી કચેરી છે ભરી
અમર આ સત્કાર સુણી રહો સરદાર
જય જય કરતું હે પ્રભુ.......ધન્ય અહિ૦

અંક ત્રીજો

---

૨૪ ગરબો

સહી સહી થાકી શામ શામળારે હાં હાં,
હઈયાની કુંજે હુલાવું હરી છેલડા,
શાને કરો વાર શામળારે હાં હાં,
ગોવિંદ ગોપ સહુ સંગ મળી હાં હાં,
રાસ રમોને હરી આવો અલબેલડા શાને કરો
મારે છે મુજને મેણુલાં સગાં ગારાં
બોલે છે બહુ વાંકાં વેણુલાં હો
લાલા તારાં લાગે છે લોભક નેણુલાં
નણુદી હસી કહે નટવર બોલાવે
વરવાં વદે વળી નેણુલાં હો........લાલા તારા
હઈયાનું હેત હરી હઇયામાં હોયે
બોલી બતાવે શો લાભ છે રે લાલ લટકાળા
વ્હાલા વધાવીએ, આવો ઓવારીએ
પ્રેમ નેમ સાથ વાટ ઘાટ છેરે લાલ લટકાળા....સહી૦

અનુપ— ૨૫

પધારો પીયુ પ્યારારે લળી લળી વીનવું લાલા....પધારો૦
પ્રેમ પનારે પ્રિતમ પ્યારા દાખલ રાખીઆ દીલદારા
પધારી પાજો પ્રેમતણાં પ્રિય પ્યાલારે...........પધારો૦
વિજય–મુદ ભર મુર્તિ સુધા ધામની ઝાંખીશ વ્હાલી દીલ જામિની
યાદ કરીશ નિશદીન આ ભોલો બાળારે
મધુર મુખ વાળારે.........................પધારો૦

અનુપ— ૨૬

પિયુજી ચાલો પ્યારા, વિનવે દીન દારા
અંતર આનંદ થાયે, પ્રિતી પુરી પરખાયે
વિજય–શાણી સલુણી શોભે, શાંત શાંત શાંત....પિયુજી૦
અનુપ–શીળી ચંદ્રિકા શોભે, હ્રદયું હરખાતું લોભે
વિજય–પ્રેમી જન પ્રિતે પામે, વ્હાલ, વ્હાલ, વ્હાલ....પિયુજી૦

લીલા— ૨૭

આવોજી આવો આધી વીતી જાતી રેન,—આધી૦
વિતે રેન, વિતે રેન, બિતે રેન—આવો૦
આયો નહિ પ્રાણ તલપે બાલી, છતીયાં જોબનવાલી
ગાલપેં બિંદી કાલી—
ઘેલી કરી પ્યારા વીના, જીયરા ઝુરાયે ચોગુના
રસ બસ, કીને રંગ ભીને વશકીને જીને..........આધી૦

લીલા— ૨૮

મનહર મોસે બોલો જાની (૨) છતયન લગાયકે
દેખો દેખો પિયારે (૨) મુખ મુદભર મલકાયકે
સુંદર મંદર રાસ રમે હે, મનમહુદ મુની જન ડગે....મનહર૦
રતી રસ રસલીન રંગે, રસબસ રતી યન જને
નહિ નહિ જાઓ, નિત નિત મુઝે તલ સાયકે....મનહર૦

દયાશંકર— ૨૯

સત્ય ફૂળ્યું મારૂં ધારૂં સુખદ સદા સૃષ્ટિમાં સ્થાપે
શાને ભમે ચિત્તડું મારૂં....................સત્ય૦
રગ રગ રજક ભર્યું ભુપતિનું જે પર સંકટ છે વિપતિનું
વિભુ શુધ્ધ કરો મુજ મતીનું
વિપતિ સંકટ વિદારૂં સારૂં....................સત્ય૦
નીચ હરામી પશુ ન થાયે માનવથી તો કેમ થવાયે
નીમક હરામી નીચ મનાયે
તે પદ હું નવ સારૂં ધારૂં....................સત્ય૦

વિજય— ૩૦

પ્રભુએ મુજ પર પિય મે'ર કરી
મમ પ્યારે વિરામ આધાર
દયાળુ આ દીલ વિભુ મેળવ તું
ધરણી તળમાં શુભ ભાગ્ય ફળે............પ્રભુએ૦

દયાળુ વિણુ દીલ નીરાશ બને
સુમંત્રી થકી ભુપ સુખ લહે,
ભુઠાજે બરબાદી, ભ્રષ્ટ કુમંત્રી છે દયાળુ સુતંત્રી છે
આનંદ આજે જો તેજ મલે—ધરણી.... પ્રભુએ૦

નારંગી— ૩૧

એ રાજ મહેલમાં મેળાવું તો મારૂં નારંગી નામ સાચું
એ મારૂં નારંગી નામ પ્યારૂ...........એ રાજ૦
રાજરૂપુ સુંદર ને સત્ય બતાવું બતાવું
એ માલણુની ખુબીઓ બનાવું
સુધારે રાજકાજ વ્હાલા વિજયજી
થાશે શ્રી હરી રાજી રાજી
વિજયની વેલ વેલી ફુળશે ફાલી—મારૂં નારંગી....એ રાજ૦

પ્રભા— ૩૨

જાઓ જતન કરી પ્રિય વીર,
સહે કેમ દીલ, શોષાય શરીર, નેત્રે ભર્યા નીર....જાઓ૦

વિજય—સહાય કરે જગનાથ, ડુભાઓ ના મુજ માત
દુઃખ દુરે જશે ખાસ, સુખ થશે ખરેખાત........જાઓ૦

પ્રભા—સુધરવા કાજ આશા તુજ ભ્રાત,
વિજય—કરૂં દુર આપ તણા પરિતાપ
ધરી નહિ ઉર જરી અરિતાપ
આપો દીલમંહી યશ ભરી છાપ..................જાઓ૦
વિનોદ—જાઉં નમન કરી ધરી ધીર, કરૂં નહિં ઢીલ,
ન થાઓ અધીર, માતુ દીલગીર—

રાજ— ૩૩

રે નવ સંકોચાજે મુજ મનડા ધાર્યું પ્યારૂં મુકરર કર
મીસ લીલા માટે મનડા તનડા ધર્મ કર્મનો પરહર કર
છે લીલા પ્યારી ઘટ ઘટ ઘટ, તે ઘટમાંના ભય ધર ધર ધર
બસ પ્રેમ નેમથી પાછો ફરતાં અતી તીવ્ર મનશાસન ધર
........રે નવ૦

કમળા— ૩૪

આહા ! આ અનીતી આવી અહો કોને કહેવી ?
નથી દાદ અમને મળતી, શી રીતે સહેવી ? (રાજાજી) ૩
અહા ! રાજની રીતે લાજ નથી રહેવી,
અરજદાર અન્યાયેથી—મરે ડર દેખી (રાજાજી) ૩
આપી ન્યાય ઉલટો સઉને, લખે લાંચ લેવી
અતી દુઃખ દેનારા છે કથા કેમ કે'વી—(રાજાજી) ૩
નથી કો ઉગારે એવું જગતમાં એથી...............અહા૦

વિજય— ૩૫


વામી નામી કુકર્મી ધિક ધિકાર
અતીશય તારા ગુના, રાખી ના જરી મણા
પાતકીપણા.... ....વામી૦
તીક્ષણ આ તલવારથી ચીરત રગ રગ સાર
વામા અંગ વિચારતાં બનું હાય લાચાર
પાપી છે પુરી સાર ....વામી૦

વિનોદ—   ૩૬

અહા કુટીલ કરમ કરનારો પાપી આ રહયો રે
દીન દીન બગડયો બુરી લતમાં
નિશદીન ડુબ્યા સજન જગતમાં
મદમાં મસ્ત થઈને બાધડ બહુ બન્યોરે—૩....અહા૦
શીલા ઉપજી નહિ આ તનની
નાહક મારી ભારે જનની
દીલની રહી ગઇ દીલમાં વાર્યો ના વર્યોરે—૩....અહા૦

સર્વ—   ૩૭

હિંદ તણું કરજો કલ્યાણ, રાજ્ય કરો કિંગ જોર્જ સુજાણ
કરી વીમળ અમલ, હરી ખળ બળ દળ,
કીર્તિ, દીપ્તી, પ્રિતિધરી નીતી જળ સ્થળ
શરમ કરમ ધરમ હરણ, અનીતી આચરનારાઓને
અરી અરીને, ભય ભારીને, લય કરીને, દુરજનનો
અવીચળ આપો અમલ અનુપમ
અવીનાશી પ્રતિ અમ વાણી..................હિંદ તણું૦



વગર ઇજાએ વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ

બાદશાહી સાબુ—સફાઇથી વાળ દુર કરવા માટેજ.

બાદશાહી સાબુ—ચામડીનો અસલી રંગ રાખે છે કાળી પડની નથી.

બાદશાહી સાબુ—હિંદુસ્તાનમાં હજારો દુકાનો પર મળે છે.

બાદશાહી સાબુ—વાપરનારાઓ સંપુર્ણ સંતોષ પામ્યા છે

બાદશાહી સાબુ—ચામડીના તમામ દર્દ નાબુદ કરે છે.

બાદશાહી સાબુ—દર વખતે વાપરવાથી નુકશાન જરાએ નથી.

બાદશાહી સાબુ—ગુપ્ત ભાગોના વાળ સારી રીતે કાઢે છે.

બાદશાહી સાબુ—ત્રણ સાબુના બોકસ એકનો રૂા. ૧, પો. ચાર આના.

હિંદુ[illegible] જગે જગે વેચવા માટે એજન્ટો જોઇએ છે.

સફેદ વાલ કાળા કરવા માટે

બાદશાહી હેર ડાઈ

આ ખીજાબ એકજ વખત લગાડવાથી સફેદ વાલ કાલા કુદરતી રંગ જેવાજ થાય છે અને મહીનાના મહીનાઓ સુધી કાલા રંગનાજ માલમ પડે છે બાદશાહી હેરડાઇથી લાલ પીળા રંગના બાલ નહિ થતાં અસલ કાલા સુંવાલા વાલ થાય છે કીમત બાટલી એકના બાર આના પોષ્ટેજ જુદું કીમત બાટલી ત્રણના રૂા. ૨ પો. જુદું.

સર્વે જાતનો માલ મલવાનું ઠેકાણું:—

સી. સી. મહાજન એન્ડ કું.

શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઇ

જાહેર ખબર

અમારી કંપનીનાં નીચલાં નાટકનાં ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી કીમતે રોકડેથી મંગાવ્યાથી મોકલવામાં આવશે.

ચોપડીનું નામ	કીમત.
બીલ્વમંગળ ઉર્ફે સુરદાસ	૦—૨—૦
શ્રી ભક્તિ વિજય	૦—૨—૦
સુરેખા હરણ	૦—૨—૦
નાગર ભક્ત	૦—૨—૦
નીલમ–માણેક	૦—૨—૦
મનહર–મેના	૦—૨—૦
યોગ કન્યા	૦—૨—૦
મહાશ્વેતા–કાદમ્બરી ...	૦—૨—૦
જોહરે શમશીર...	—૦
શ્રી જયમતી	૦—૨—૦
માતૃ પીતૃ ભક્ત પુંડરીક	૦—૨—૦
ઉર્વશી–પુરૂરવા...	૦—૨—૦
હોથલ પદમણી...	૦—૨—૦
જેસલ તોરલ	૦—૨—૦
બીરબલ બાદશાહ	૦—૨—૦
ચંદ્ર પ્રભા	૦—૨—૦
પ્રવીણ–સાગર	૦—૨—૦
કનક–કેશરી	૦—૨—૦
યોજનગંધા યાને ભીષ્મ પ્રતિજ્ઞા ...	૦—૨—૦

માલીક–વી. એચ. મનીપુરીઆ એન્ડ કો.

શ્રી વિજય નૌતમ નાટક સમાજ.